એકથી દોઢ વર્ષની આયુ ધરાવતા પાંચ વાછરડા લીલુ ઘાસ ખાતાં મોતને ભેટ્યા

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટાના પાટણના નાળિયા પાસે ગઈકાલે મોડી રાત્રે ફૂડ પોઈઝનીંગને કારણે પાંચ નાના વાછરડાઓના મોત થતાં પંથકના પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. મળતી વિગતો પ્રમાણે આ વિસ્તારના પશુપાલકોના પશુઓ લીલુ ઘાસ ખાધા બાદ ફૂડ પોઈઝનીંગ થયું હતું. ફૂડ પોઈઝનીંગ અસરો ૨૦ જેટલા વાછરડાઓને થઈ હતી. ફૂડ પોઈઝનીંગ થયાનું ધ્યાને આવતાં જ વેટરનરી ડૉક્ટરોને જાણ કરતાં જિલ્લાના ડૉ. રાઠોડના નેતૃત્વમાં પશુપાલન તંત્રની ટીમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી હતી અને સારવાર આરંભી દીધી હતી. ૧૫ જેટલા વાછરડાઓને બચાવી લેવામાં ટીમને સફળતા મળી હતી. જોકે પાંચ જેટલા નાના વાછરડાના મોત થયા હતા. એક વર્ષની આયુ ધરાવતા વાછરડાઓના મોત થયાના સમાચાર વાયુવેગે પંથકમાં પ્રસરતાં જ પશુપાલકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. નાના વાછરડાઓના મોતથી આજે ગાયોએ દૂધ પણ ઓછુ આપ્યુ હતુ. નાના વાછરડાઓના પેટમાં લીલુ ઘાસ ખાવાથી ગેસની તકલીફ થઈ હોવાનું જાણવા મળેલ છે. પશુપાલક વિરમભાઈ ભરવાડના આ વાછરડા છે.

બનાવટી ખેડૂત બની બેઠેલાને છોડાશે નહીં : મહેસૂલ મંત્રી

માતર કચેરીમાં પહોંચેલા રાજેન્દ્ર ત્રિવેદીએ કરી તપાસ : બોગસ ખેડૂત બનીને જમીનો લેતા લોકોની તપાસ મામલે તેમણે ગેરકાયદેસર કામ કરતા લોકો સામે લાલ આંખ કરી

અમદાવાદ, તા.૬

વિજય રૂપાણી બાદ ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના નવા મુખ્યમંત્રી બન્યા અને રૂપાણીની ટીમના બદલે એક નવી ટીમ પણ ઉભી કરવામાં આવી હતી. જેમાં પૂર્વ વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીને રાજયની મહત્વની મહેસુલ મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી.

આ પછી તેમણે સરકારી કચેરીઓ, કલેક્ટર કચેરીઓ અને અન્ય મહત્વની કચેરીઓમાં અચાનક પહોંચીને તપાસ કરી છે અને જે તે સ્થળ પર આવેલા અરજદારોની વાત પણ સાંભળીને તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ લાવવા આદેશ આપી ચૂક્યા છે. તેઓ આજે ફરી એકવાર એટલા માટે ચર્ચામાં છે કારણ કે તેઓ ખેડાના માતરમાં મામલતદાર કચેરીએ અચાનક પહોંચ્યા હતા અને બોગસ ખેડૂત મામલે તપાસ કરી હતી.

રાજયના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ માતરની મામલતદાર કચેરીમાં પહોંચીને મુલાકાતા લીધી હતી. આ દરમિયાન તેમણે અહીં ખોટા દસ્તાવેજના આધારે બોગસ ખેડૂત બન્યા હોવાની ફરિયાદની તપાસ કરી હતી. આ સાથે તેમણે જણાવ્યું હતું કે અમારું પણ નેટવર્ક છે આ રીતે બોગસ ખેડૂત બનીને બેઠેલા લોકોની સામે પગલા ભરવામાં આવશે તેમને છોડવામાં આવશે નહીં તેવી ચેતવણી પણ આપી છે.

આ દરમિયાન તેમની સાથે મહેસૂલ વિભાગના કર્મચારી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મામલતદાર કચેરીમાં પહોંચીને બોગસ ખેડૂત બનીને બેઠેલા લોકોની ફાઈલ ખોલીને તપાસ હાથ ધરી હતી.

તેમણે જણાવ્યું કે, "સરકારે નિર્ણય કરેલો છે, કોઈ પણ બોગસ ખેડૂત ગમે તેટલો મોટો હશે, પણ જો બનાવટી ખેડૂત બનવાનો પ્રયત્ન કરશે તો બનવા નહીં દે આ સરકાર.. એની જમીન સરકાર હસ્તક થઈ જશે."

નવી કાર ખરીદવા માટે ધડાધડ બૂકિંગ થઈ રહ્યા છે

એક ચિપના લીધે વેચાણ પર અસર થઈ રહી છે : કારની માંગમાં ભારે વધારો થયો છે પરંતુ તેના સપ્લાયની ગતિ સરખામણીમાં ધીમી છે

અમદાવાદ, તા.૬

નવી કાર ખરીદવા માટે અને તેના બૂકિંગનો ધમધમાટ છે પરંતુ, કારમાં ઉપયોગમાં લેવાતી એક ચિપે ઓટો સેક્ટરના નાકમાં દમ કરી નાખ્યો છે. આ ચિપ એટલે સેમિકન્ડક્ટર કે જેની અછતના લીધે છેલ્લા એક વર્ષથી અછત વર્તાઈ રહી છે અને લોકોની ઈચ્છા છતાં પોતાની ગમતી કાર ખરીદવા માટે લાંબી રાહ જોવી પડી રહી છે. જેની સીધી અસર દેશના ઓટો સેક્ટર પર પડી રહી છે.

કાર ડીલરો પાસેથી મળતા આંકડા દર્શાવે છે કે નવી કાર માટે બૂકિંગ ઘણું ઊંચું છે અને વેઈટિંગ પિરિયડ વધારે લાંબો થઈ રહ્યો છે. આમ છતાં જોઈએ તેટલા પ્રમાણમાં ડિલરો સુધી કાર પહોંચતી ના હોવાથી તેની સીધી અસર વેચાણ પર પડી રહી છે.

એક ઉદાહરણથી સમજીએ તો આખા ગુજરાતમાં જુલાઈ મહિનામાં ૨૪,૮૯૨ કારોનું વેચાણ થયું છે, ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશનના આંકડા પ્રમાણે તે જુલાઈ ૨૦૨૧ કરતા માત્ર ૪.૧૫% વધુ છે એટલે કે પાછલા વર્ષે જુલાઈમાં ૨૩,૮૯૯ કાર વેચાઈ હતી. આ વર્ષે ફેબ્રુઆરીથી કારના વેચાણમાં ૨૦૨૧ની સરખામણીમાં આ મહિને ડબલ ડિજીટ ગ્રોથ જળવાઈ રહ્યો છે. FADA ગુજરાતના ચેરમેન, પ્રણવ શાહ જણાવે છે કે,"ડિલર્સ પાસે સારું બૂકિંગ છે. કારની ડિમાન્ડમાં પણ કંઈ ચિંતા જેવું નથી, જેઓ નવી કાર ખરીદવા માગે છે તેઓ બૂકિંગ કરાવી રહ્યા છે."

જોકે, નવી કારની સપ્લાય ચેઈન ધીમી હોવાથી માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને ઈલેક્ટ્રિક કાર અને SUVનું વેઈટિંગ ૯-૧૪ મહિના લાંબું થઈ ગયું છે. FADAના મત મુજબ રશિયા-યુક્રેન વોર પછી હવે તાઈવાન-ચાઈના ટેન્શન વધારી રહ્યા છે. FADA જણાવે છે કે, "આ કારણે, ફરી એકવાર સેમિકન્ડક્ટરની અછતનો ખતરો ઉભો થયો છે. કારણ કે ચિપ-બનાવતા TSMCએ લાલ ઝંડો ઉઠાવ્યો છે કે જો યુદ્ધ થશે તો તાઈવાનના ચિપ મેન્યુફેક્ચરર્સને 'નિષ્ક્રિય' કરવામાં આવશે."

રાજ્યમાં ૮થી ૧૦ ઓગસ્ટ ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં બ્રેક બાદ ફરીથી મેઘ સવારી આવી રહી છે. ફરીથી હવામાન ખાતા દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૫ દિવસ રાજ્યમાં મેઘો મન મૂકીને વરસશે. રાજ્યમાં આગામી ૨ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન ખાતાના લેટેસ્ટ અપડેટ અનુસાર, ૮, ૯ અને ૧૦ ઓગસ્ટ રાજ્યમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરાઈ છે. જેમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે. તો સુરત, વલસાડ, નવસારી, તાપી, દમણ અને દાદરાનગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત જામનગર, રાજકોટ, પોરબંદર, દ્વારકામાં પણ અતિભારે વરસાદની આગાહી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ભારે વરસાદ રહેશે.

બંગાળની ખાડીમાં સર્જાયેલ લો પ્રેશરની અસર રાજ્યમાં જોવા મળશે.

વરસાદમાં શહેરના માર્ગો ધોવાઈ ગયા છે. હજુ તો ચોમાસુ અડધુ જ થયુ છે ત્યાં તો શહેરના ઘણા માર્ગો સાવ બિસ્માર બની ગયા છે. ડામર ઠેર ઠેરથી ઉખડી જતા મસમોટા ખાડા પડી ગયા છે. જીઈબી જવાના રસ્તે મસ મોટા ખાડા પડતા વાહનચાલકોને ખુબ જ તકલીફ પડી રહી છે.

ઈડીઆઈઆઈ દ્વારા તાલીમ અપાયેલ કારીગરોના એક્ઝિબિશનનું ઉદ્ઘાટન

અમદાવાદ, તા.૬

ગુજરાત સરકારના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ મંત્રી શ્રી

જગદિશ પંચાલે હસ્તકલા સેતુ પ્રોજેક્ટ હેઠળ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા તાલીમ અપાયેલા કારીગરો/વીવર્સના એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કર્યું હતું. તે ગુજરાત સરકારના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ વિભાગની પહેલ છે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા કારીગરોને પ્રોત્સાહન આપવા ઈડીઆઈઆઈના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લા પણ ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

નેશનલ હેન્ડલૂમ ડેની ઉજવણી કરવા ઈડીઆઈઆઈએ હસ્તકલા સેતુ યોજના અંતર્ગત અમદાવાદ, જામનગર. જૂનાગઢ, જામનગર, ગાંધીધામ, બનાસકાંઠા અને મહેસાણામાં વિવિધ જાણીતી હાટમાં ભાગ લઈને પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરી છે.આ અંતર્ગત કુલ ૧૦૯ સ્ટોલની ગોઠવણ કરાઈ છે અને ઈડીઆઈઆઈ પાસેથી તાલીમ મેળવેલા આશરે ૨૧૮ કારીગરો તેમાં ભાગ લઈ રહ્યાં છે.

ઈડીઆઈઆઈએ હસ્તકલા સેતુ યોજના હેઠળ હેન્ડીક્રાફ્ટટટ સેગમેન્ટ (જેમાંથી ૩૦ વીવર્સ છે) માં ૧૦,૦૦૦થી વધુ કારીગરોને આધુનિક તાલીમ અને માર્ગદર્શન આપ્યું છે. આ પ્રોજેક્ટ માટે ઈડીઆઈઆઈ છેલ્લા બે વર્ષથી ગુજરાત સરકારના કમીશનરેટ ઓફ કોટેજ ઈન્ડસ્ટ્રીનું નોલેજ પાર્ટનર છે. ઘણાં કારીગરોઅને તાલીમ દ્વારા તેમની ડિઝાઈનમાં દેખિતો સુધારો કર્યો છે તથા તેમનું નેટવર્ક વિસ્તારીને નવા માર્કેટ્સમાં પહોંચીને આશરે રૂ. ૮.૦૪ કરોડની આવક કરી છે.

હર ઘર તિરંગા અભિયાન જોરશોરથી ચાલી રહ્યુ છે. દરેક વોર્ડમાં ઘરે ઘરે તિરંગાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વોર્ડ નં. ૮ના સેક્ટર-૫ અને વોર્ડ નં. ૧૦ના સેક્ટર-૧ ખાતે તિરંગા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. સ્થાનિક કોર્પોરેટરો અને આગેવાનો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

હોસ્પિટલોમાં આગામી સાત દિવસ કેશલેસ સુવિધા બંધ

ખાનગી હોસ્પિટલો-વીમા કંપનીઓ વચ્ચેની લડાઈ : ૮મીથી ૧૫ ઓગસ્ટ સુધી કેશલેસ સુવિધા બંધ કરશે

અમદાવાદ, તા.૬

આગામી સાત દિવસ અમદાવાદની ખાનગી હોસ્પિટલોમાં કેશલેસ સુવિધા રહેશે બંધ.ખાનગી હોસ્પિટલોએ જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓ સામે મોરચો માંડ્યો છે.આહનાએ જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓની કેશલેસ સુવિધા બંધ રાખવાની જાહેરાત કરી છે.આગામી ૮થી ૧૫ ઓગસ્ટ સુધી કેશલેસ સુવિધા બંધ કરશે.આ વિરોધમાં ૩૦૦થી વધુ ખાનગી હોસ્પિટલો જોડાશે.આહનાના પ્રમુખે જણાવ્યું કે ધી ન્યૂ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ, નેશનલ ઈન્શ્યોરન્સ, યુનાઈડેટ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ અને ધી ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપનીની કેશલેસ સુવિધા સ્થગિત રખાશે.

આહનાનો આરોપ છે કે વીમા ધારકોને સારી સુવિધા મળે તે માટે જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓને વારંવાર રજૂઆત કરવામાં આવી છે.પરંતુ હજી સુધી કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી.એટલું જ નહીં વીમા કંપનીએ હોસ્પિટલ સાથે કરેલા રેંના ચાર્જમાં પણ છેલ્લા ઘણા સમયથી વધારો કર્યો નથી. હોસ્પિટલના ચાર્જમાં દર વર્ષે ૬ ટકાના દરે વધારો કરવા માંગ કરી છે.સાથે સાથે કેટલીક સર્જરી અને પ્રોસિજરમાં વીમા કંપનીએ ફિક્સ ચાર્જીસ નક્કી કર્યા હોવાનો પણ આરોપ છે.તો ડાયાબિટિસ, હ્રાદયરોગ જેવી મોર્બિડિટીને વીમામાંથી બાકાત રાખવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

બોગસ આઈલેટ્સની તપાસ કરતા SGOના PIની બદલી

બોગસ આઈલેટ્સની તપાસમાં આંચકો : એસઓજી પીઆઈ ભાવેશ રાઠોડની બદલી કરીને તેમને હવે અમદાવાદ ગ્રામ્યની જવાબદારી સોંપવામાં આવી

મહેસાણા, તા.૬

અંગ્રેજીમાં ઠોઠ હોય તેમને પણ અમેરિકા અને કેનેડા મોકલવાનું જે ષડયંત્ર ચાલી રહ્યું હતું તેમાં મહેસાણા પોલીસ દ્વારા તપાસ હાથ ધરીને મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ તપાસના તાર ગુજરાત બહાર પણ જોડાયેલા હોવાની શંકાના આધારે તપાસ કરવામાં આવી રહી છે. પરંતુ હવે આ કેસમાં એક મોટો વળાંક આવ્યો છે જેમાં મહેસાણા એસઓજી પોલીસ કે જેઓ આ કેસની તપાસ કરી રહ્યા હતા તેમની બદલી કરી દેવામાં આવી છે. એટલે કે તેઓ હવે આઈલેટ્સ પરીક્ષામાં આચરવામાં આવતી ગેરરીતિ અને ખોટી રીતે વિદેશ મોકલવામાં આવેલા ગુજરાતીઓની તપાસ કરી શકશે નહીં? તેવો સવાલ ઉભો થયો છે. આ સાથે એવી પણ ચર્ચાઓ શરુ થઈ છે કે કોઈ મોટા દબાણ બાદ આ પ્રકારનું પગલું ભરવામાં આવ્યું હોઈ શકે છે.

આઈલેટ્સ પરીક્ષામાં ગેરરીતિ આચરીને લોકોને વિદેશ મોકલવામાં આવી રહ્યા હોવાનો ભાંડો ફૂટ્યા બાદ મહેસાણા એસઓજી દ્વારા તેની તપાસ કરવામાં આવી રહી હતી. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ એસઓજી પીઆઈ ભાવેશ રાઠોડની બદલી કરીને તેમને હવે અમદાવાદ ગ્રામ્યની જવાબદારી સોંપવામાં આવી છે. રાજકીય દબાણ બાદ આ બદલી કરવામાં આવી હોવાની ચર્ચાઓ પણ શરુ થઈ ગઈ છે. આ તપાસનું હવે શું થશે તે અંગે પણ વિવિધ તર્ક-વિતર્ક સર્જાઈ રહ્યા છે.

મહેસાણા એસઓજી પીઆઈ ભાવેશ રાઠોડે આ કેસમાં મહત્વની તપાસ શરુ કરી હોવાથી ગુજરાતમાંથી કઈ રીતે મોટી સંખ્યામાં ખોટી રીતે લોકોને અમેરિકા અને કેનેડામાં મોકલવામાં આવી રહ્યા હતા તેના ભેદ ખુલી રહ્યા હતા, જેના કારણે જ તેમની બદલી કરવામાં આવી હોવાની પણ ચર્ચાઓ વહેતી થઈ છે. અમેરિકાની એજન્સીએ ૭ વિદ્યાર્થીઓને ગેરકાયદેસર રીતે કેનેડામાંથી અમેરિકામાં બોટમાં બેસીને ઘૂસણખોરી કરી રહ્યા હતા ત્યારે પકડી પાડ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ સપરિવાર નાગેશ્વર મહાદેવ જ્યોતીર્લીંગની પૂજા કરી

ગાંધીનગર, તા.૬

ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ ગુજરાતની એક દિવસની મુલાકાતે પધાર્યા છે. તેઓ દ્વારકા ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દ્વાદશ

જ્યોતિર્લીંગ પૈકી નાગેશ્વર જ્યોતિર્લીંગના દર્શનાર્થે પધાર્યા હતા. અહીં તેઓશ્રીનું પારંપરિક વેશભૂષામાં ઉપસ્થિત સ્થાનિક લોક-કલાકારો દ્વારા વિશેષ સ્વાગત કરવામાં આવ્યું હતું. દ્વારકાથી ૧૪ કિ.મી. દૂર બિરાજમાન જ્યોતિર્લીંગ નાગેશ્વર મહાદેવના મંદિર ખાતે શનિવારે ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ ધર્મપત્ની ઉષાબહેન સાથે પવિત્ર શ્રાવણ માસમાં વિશેષ પૂજન-અર્ચન અને પ્રાર્થના કરી હતી. આ વેળાએ હર્ષવર્ધનભાઈ અને રાધાબહેન, રવિભાઈ તેજા અને નિહારિકા બહેન સહિતના પરિવારજનોએ નાગેશ્વર મહાદેવની આરતી કરીને સમગ્ર પરિવારે મહાદેવની કૃપા પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું.

આ વેળાએ ઉપરાષ્ટ્રપતિએ મંદિર પરિસરની મુલાકાત લઇ, મંદિરના મહાત્મ્ય અંગે જાણકારી મેળવી હતી. આ તકે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, ચીફ પ્રોટોકોલ ઓફિસર જવલંત ત્રિવેદી, જિલ્લા કલેકટર એમ.એ. પંડ્યા, જિલ્લાના અગ્રણીઓ યુવરાજસિંહ ગઢવી અને મયુરભાઈ ગઢવી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. નાગેશ્વર મંદિરના મહંતશ્રી ગીરધર ભારથી, મહેન્દ્રભારથી, ભીખુભાઈ ભોગાયતા, પવનભાઈ મિશ્રા, જયદીપભાઈ ગોસ્વામી, જ્યોત્સનાબેન દ્વારા શાસ્ત્રોક્ત વિધિ તેમજ મંત્રોચ્ચાર સાથે નાગેશ્વર મહાદેવની પૂજન વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

રાજ્યમાં કોરોનાના નવા ૯૬૫ કેસ : રિકવરી રેટ ઘટીને ૯૮.૬૫ ટકા થયો

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૬૫ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૯૨૮ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે એક પણ દર્દીનું મોત થયું નથી. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૫ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૬૦૨૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૮ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૬૦૧૧ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૪૩,૪૮૯ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૭૫ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૨૫૯ કેસ નોંધાયા છે. જ્યારે વડોદરા કોર્પોરેશનમાં ૮૧, વડોદરા ૬૦, રાજકોટ કોર્પોરેશન ૫૬, સાબરકાંઠા ૪૬, મહેસાણા ૪૩, સુરત કોર્પોરેશન ૪૨, કચ્છ ૩૮, રાજકોટ ૩૩, મોરબી ૩૧, સુરત ૨૬, અરવલ્લી ૨૪, ગાંધીનગર ૨૪, અમરેલી ૨૩, વલસાડ ૨૨, ગાંધીનગર કોર્પોરેશન ૧૫, આણંદ ૧૪, બનાસકાંઠા ૧૪, નવસારી ૧૩, પાટણ ૧૩, પંચમહાલ ૧૨, સુરેન્દ્રનગર ૧૧, જામનગર કોર્પોરેશન ૧૦ એમ કુલ ૯૬૫ દર્દીઓ નોંધાયા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ